# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/ ૪૦૮-૪ તારીખ : ૧૮ - ૦૧ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
ભદ્રિકાબેન ચુનીલાલ પંડ્યા
રાજકોટ રે. સર્વે નં - ૫૮૬/ પૈકી,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૧
મોબાઈલ : ૮૧૨૮૮૮૧૭૧૦

વિષય : ૧૨ વર્ષ પહેલા ચાર્જીસ ભરેલ હોવા છતાં આજદિન સુધી વીજ લાઈન ફેરવેલ નથી..

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૪-૦૯-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪૦/ક્વા-૦૨/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રોણકી રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૪૦/ક્વા-૨/૨૧-૨૨/ ૪૦૪-૫ તા. 18-01-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG-૪૦/ક્વા-૨/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : ભદ્રિકાબેન ચુનીલાલ પંડ્યા ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : રોણકી |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે નીરજ પંડ્યા અને સ્વપ્નીલ પંડ્યા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : શ્રી એલ.કે.પરમાર, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ અને તેમની સાથે શ્રી આર. સી. છત્રોલા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી, રોણકી હાજર રહેલ. |

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૬-૦૧-૨૦૨૨ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨.૧૨.૨૧ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે નીરજભાઈ પંડ્યા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી એલ.કે.પરમાર કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. ગ્રામ્ય વિભાગીય કચેરી - રાજકોટ હાજર રહેલ હતા સદર સુનાવણી દરમ્યાન અરજદારના પ્રતિનિધિ દ્વારા માધાપર પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૧૪.૦૭.૨૦૦૯ થી જમીન સર્વે નંબર ૫૮૬ પૈકી ૧-૨ ગામ રાજકોટ ખાતે લાઈન શીફટીંગ માટે અપાયેલ ભાવપત્રક અને તે ભરપાઈ કરાયાની રસીદ રજુ કરાયેલ હતી. અરજદાર દ્વારા રજુ કરાયેલ દસ્તાવેજી પેપર્સ પી.જી.વી.સી.એલ. પક્ષકાર પાસે

ઉપલબ્ધ ન હોવાથી સદર કેસની ફરીથી સુનાવણી તા.૦૬-૦૧-૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ હતી: જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓની માલિકીની જમીન રાજકોટ રેલનગર વિસ્તારમાં રેવન્યુ સર્વે નં. ૫૮૬/પૈકી, ટી.પી.સ્કીમ નં. ૧૯, એફ.પી.નં.૧૧/૫ માં આવેલ છે. સદર જમીનનો લે-આઉટ પ્લાન રાજકોટ મહાનગરપલિકામાં મંજુરી નં.૧૩ તા.૦૯.૦૨.૨૦૦૯ થી મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ રાજકોટના મહે. કલેકટર સાહેબશ્રીની કચેરીમાં બિનખેતી માટે અરજી કરતા એન.એ.-લેરેકોક-૬૫ કેસ નં. ૨૭૫/૦૮-૦૯ તા.૧૭.૦૭.૨૦૦૯ થી બિનખેતી હુકમ ઇસ્યુ કરવામાં આવેલ છે. સદર જમીન માંથી ૧૧ KV ની વીજલાઈન પસાર થતી હતી. જે ફેરવવા માટેના જરૂરી ચાર્જીસની રકમ અરજદાર દ્વારા સંલગ્ન પેટા વિભાગીય કચેરી ખાતે રસીદ નં. TP૧૯૮૬૬૪ તા.૧૪.૦૭.૨૦૦૯ થી રકમ રૂ.૨૪,૦૮૨/- ભરપાઈ કરેલ છે. આમ અરજદાર દ્વારા ૧૨ વર્ષ પહેલા જરૂરી ચાર્જીસ ભરપાઈ કરેલ હોવા છતાં આજદિન સુધી સદર વીજલાઈન ફેરવી આપેલ નથી. સદર બાબતે અરજદાર દ્વારા તા.૦૭.૦૧.૨૦૨૦ માં લેખિત અરજી કરેલ છે તેમજ ટેલીફોનીક રજૂઆત પણ કરેલ છે છતાં કોઈ નિવારણ ન થતું હોય અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યા તરફથી રેવન્યુ સર્વે નંબર ૫૮૬ પૈકી, ટી પી સ્કીમ નંબર ૧૯ એફપી નંબર ૧૧/૫ માં આવેલ વીજલાઈન ફેરવવા અંગેની ફરિયાદ કરેલ છે.

3.૧ શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યા દ્વારા રૂ.૨૪૦૮૨/૦૦ રસીદ TP 198664 તારીખ-૧૪.૦૭.૨૦૦૯ ના રોજ પીજીવીસીએલ, માધાપર પેટાવિભાગીય કચેરી, રાજકોટ ખાતે ભરપાઈ કરેલ હતા ત્યારે રોણકી પેટા વિભાગીય કચેરી કાર્યરત ન હતી.

3.૨ અરજદાર શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યા દ્વારા તારીખ ૧૪.૦૭.૨૦૦૯ ના રોજ લાઈન શીફ્ટ કરવા અંગે જે રકમ ભરપાઈ કરેલ ત્યારથી વર્ષો બાદ રોણકી પેટાવિભાગિય કચેરીને લાઈન કામ થયેલ નથી તેવી ફરિયાદ મળેલ જે અન્વયે પેટાવિભાગીય કચેરી તરફથી જરૂરી કાર્યવાહી પણ હાથ ધરેલ. સદર લાઈન અંગે હાલ સ્થળ તપાસ કરતા ૧૧ કેવી ભૂતવડ ફિડરની લાઈન ફેરવવી પડે તેમ જણાય છે.

3.3 અરજદાર શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યા ની વીજલાઈન ફેરવાયેલ નથી તેવી અરજીના આધારે અગાઉ જે તે સમયે લાઈન ફેરવવામાં આવેલ હતી કે કેમ? તે અંગે માધાપર પેટા વીભાગીય કચેરી, રાજકોટ પાસે અભિપ્રાય માંગતા તેઓ તેના પત્ર નંબર નાઈ/માધાપર સડી/૬૧૭૧ તારીખ ૨૧.૧૦.૨૦૨૦ થી સદર વીજલાઈન શીફ્ટ થયેલ નથી તેવો અભિપ્રાય આપેલ છે. જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

3.૪ સદર અરજદારની સવાલવાળી વીજ લાઈનતારીખ ૧૧.૦૩.૨૦૨૧ ના રોજ શીફ્ટીંગની કામગીરી કરવા માટે કોન્ટ્રકટરના માણસોને મુકવામાં આવેલ અને કામગીરી શરુ કરેલ આ કામગીરી ચાલુ હતી તે દરમિયાન શ્રી રવજીભાઈ નથુભાઈ દ્વારા એક વાંધા અરજી આપવામાં આવેલ અને આ કામ અટકાવેલ હતું.

3.૫ સદર વીજલાઈન શિફ્ટિંગની કામગીરી દરમિયાન વાંધો પડતા વે-ક્લીયર પુરો પડવાની લેખિત જાણ રોણકી પેટાવિભાગિય કચેરી તરફથી અરજદાર શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યાને તેના પત્ર નંબર ૩૭૩૯ તારીખ ૩૦.૩.૨૦૨૧ થી કરવામાં આવેલ જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૬ સદર અરજદાર દ્વારા વે-ક્લીયર માટે કોઈ સમાધાન થયેલ કે કેમ અથવા તે સંદર્ભે કોઇજ પત્ર પીજી.વીસીએલ.પેટાવિભાગીય રોણકીને આપવામાં આવેલ નથી.

૩.૭ અરજદારને જો હાલના સંજોગમાં સદર વીજલાઈન શીફ્ટ કરવાની કરવાની હોય તો તે માટે પેટાવિભાગીય કચેરી રોણકી તરફથી જરૂરી સર્વે કરેલ અને તે મુજબ તાંત્રિક દ્રષ્ટિએ હાલ ૦.૫ કિમી નવી ૧૧ કેવી લાઈન ઉભી કરવાની થાય છે જેનો કુલ ખર્ચ રૂ.૧૩૦૪૯૮/૦૦ અરજદારે ભરપાઈ કરવા પાત્ર છે.

૩.૮ ફોરમ સુનાવણી તા.૨૨.૧૨.૨૦૨૧ દરમિયાન અપાયેલ સુચના મુજબ અરજદાર પાસેથી જરૂરી આધાર પુરાવા અને રેકોર્ડ તપાસીને અહેવાલ રજુ કરવા જણાવેલ તે મુજબ અરજદારશ્રીની બાજુમાં સદર નડતર રૂપ થતી વીજલાઈન જે આગળ જતી તે શીફ્ટ કરવાની અરજી મળેલ. સદર અરજી શ્રી સિદ્ધાર્થ મનસુખભાઈ વેકરીયા તરફથી કરવામાં આવેલ જેના અનુસંધાને પી.જી.વી.સી.એલ. રોણકી પેટા વિભાગીય કચેરી તરફથી અંદાજપત્ર રૂપિયા ૧,૩૦,૪૯૮/૦૦ નું તારીખ ૦૭.૦૧.૨૦૨૨ નાં રોજ આપવામાં આવેલ. સદર અંદાજપત્રની રકમ અરજદાર તરફથી તા.૦૭.૦૧.૨૦૨૨ ના રોજ રસીદ નંબર ૪૨૨૬૪૦ થી ભરપાઈ કરેલ છે. આમ સદર અન્ય અરજદારની લાઈન ફેરવવાની સાથે શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યા તરફથી રેવન્યુ સર્વે નંબર ૫૮૬ પૈકી, ટી.પી. સ્કીમ નંબર ૧૯ એફ. પી. નંબર ૧૧/૫ માં આવેલ વીજ લાઈન ફેરવવા અંગેની અરજી વાળી લાઈન પણ ફેરવી આપવામાં આવશે અને અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ લાવવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂકરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા તેઓની માલિકીની જમીન જે રાજકોટ રેલનગર વિસ્તારમાં રેવન્યુ સર્વે નં. ૫૮૬/પૈકી, ટી.પી.સ્કીમ નં.૧૯ (ડ્રાફ્ટ), એફ.પી.નં.૧૧/૫ માં આવેલ છે. સદર જમીનનો લે-આઉટ પ્લાન રાજકોટ મહાનગરપલિકામાં મંજુરી નં.૧૩ તા.૦૯.૦૨.૨૦૦૯ થી મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ રાજકોટના મહે. કલેકટર સાહેબશ્રીની કચેરીમાં બિનખેતી માટે અરજી કરતા એન.એ.-લેરેકોક-૬૫ કેસ નં. ૨૭૫/૦૮-૦૯ તા.૧૭.૦૭.૨૦૦૯ થી બિનખેતી હુકમ ઇસ્યુ કરવામાં આવેલ છે. સદર જમીનમાંથી ૧૧KV ની વીજલાઈન પસાર થતી હતી તે વીજલાઈન ફેરવવા માટે જે તે સમયે માધાપર પેટાવિભાગીય કચેરી ખાતે રસીદ નં.TP૧૯૮૬૬૪ તા.૧૪.૦૭.૨૦૦૯ થી રકમ રૂ.૨૪,૦૮૨/- ભરપાઈ કરેલ હતી જે અનુસંધાને અરજદાર દ્વારા સબંધક કચેરીમાં તા.૦૭.૦૧.૨૦૨૦ માં લેખિત અરજી કરેલ છે. પી.જી.વી.સી.એલ. દ્વારા સદર બાબતે કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ જેની નોંધણી અત્રેના ફોરમ દ્વારા તા.૨૪.૦૯.૨૦૨૧ ના રોજ કરેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં.૪.૧ અનુસંધાને પી.જી.વી.સી.એલ.ની લેખિત રજૂઆત તા.૧૭.૧૨.૨૦૨૧ મુજબ અરજદારની સદર જમીનમાંથી ૧૧KV ની વીજલાઈન પસાર થતી હતી તે વીજલાઈન ફેરવવા માટે જે તે સમયે માધાપર પેટાવિભાગીય કચેરી ખાતે રસીદ નં.TP૧૯૮૬૬૪ તા.૧૪.૦૭.૨૦૦૯ થી રકમ રૂ.૨૪,૦૮૨/- ભરપાઈ કરેલ હતી. ત્યારબાદ સદર કામગીરી અંગે અરજદાર કે પી.જી.વી.સી.એલ. દ્વારા સમીક્ષા થયેલ હોય તે અંગેના લેખિત પુરાવા ફરિયાદી અને સામેવાળા દ્વારા રજુ કરેલ નથી.

સદર બાબતે અરજદાર દ્વારા લાઈન શીફટીંગ થયેલ નથી તે અંગેની રજૂઆત રોણકી પેટાવિભાગીય કચેરીમાં મળતા રજૂઆતના અનુસંધાને અરજી ઘણી જૂની હોય જે તે વખતની પી.જી.વી.સી.એલ.ની કચેરીનો

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

અભિપ્રાય તા.૦૬.૧૧.૨૦૨૦ થી મળેલ તે મુજબ અરજદારની સદર જગ્યા ઉપર સ્થળ તપાસ કરતા સદર જગ્યાએ વીજલાઈનના પોલ જોતા જુના હોય લાઈન શીફટીંગ થયેલ નથી.

ત્યારબાદ સદર લાઈન શીફટીંગની કામગીરી પી.જી.વી.સી.એલ. ના કોન્ટ્રાક્ટર ને સોંપેલ પરંતુ તે વિસ્તારના શ્રી રવજીભાઈ નથુભાઇ દ્વારા લેખિતમાં વાંધો તા.૧૧.૦૩.૨૦૨૦ લેતા કામગીરી અટકાવેલ જેથી વે-ક્લીયર પુરો પડવાની લેખિત જાણ રોણકી પેટા વિભાગિય કચેરી તરફથી અરજદાર શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યાને પત્ર તારીખ ૩૦.૩.૨૦૨૧ કરેલ છે. સદર વાંધા અરજી બાદ સદર વીજલાઈન અંગે સ્થળ તપાસ કરતા ૧૧ કેવી ભૂતવડ ફિડરની લાઈન શીફટીંગ કરવા તાંત્રિક દ્રષ્ટિએ હાલ ૦.૫ કિમી નવી ૧૧ કેવી લાઈન ઉભી કરવાની થાય છે જેનો કુલ ખર્ચ રૂ.૧,૩૦,૪૯૮/૦૦ અરજદારે ભરપાઈ કરવા પાત્ર છે.

૪.૩ પી.જી.વી.સી.એલ. પક્ષકારની તા.૧૦.૦૧.૨૦૨૨ ના રોજની લેખીત રજૂઆત મુજબ અરજદારશ્રીની બાજુમાં આ નડતરરૂપ થતી લાઈન જે આગળ જતી તે શીફ્ટ કરવાની અરજી મળેલ. આ અરજી શ્રી સિદ્ધાર્થ મનસુખભાઈ વેકરીયા તરફથી કરવામાં આવેલ છે અને તેની અરજીના અનુસંધાને પી.જી.વી.સી.એલ. રોણકી પેટાવિભાગીય કચેરી તરફથી અંદાજપત્ર રૂપિયા ૧,૩૦,૪૯૮/૦૦ નું તા.૦૭.૦૧.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ. સદર અંદાજપત્રની રકમ અરજદાર તરફથી તા.૦૭.૦૧.૨૦૨૨ ના રોજ રસીદ નંબર ૪૨૨૬૪૦ થી ભરપાઈ કરેલ છે.

આમ અરજદારશ્રી સિદ્ધાર્થ મનસુખભાઈ વેકરીયા ની લાઈન ફેરવવાની અરજી અન્વયે સદર ફરિયાદી શ્રીમતી ભદ્રીકાબેન ચુનીલાલ પંડ્યા તરફથી રેવન્યુ સર્વે નંબર ૫૮૬ પૈકી, ટી પી સ્કીમ નંબર ૧૯ એફ પી નંબર ૧૧/૫ માં આવેલ વીજલાઈન સત્વરે શીફટીંગ કરી અરજદારની ફરિયાદનું નિરાકરણ લાવવામાં આવશે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ અન્વયે ફરિયાદી અરજદારની લાઈન શીફટીંગ ની અરજી અન્વયે કરવાપાત્ર થતી કામગીરી દિવસ ૩૦ માં પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot